# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-03-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

### આકાશવાણી સમાચાર SANSKRUTI BHUNDIYA વાંચે છે.

*****************************************************

- કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગામી આદેશ સુધી લંબાવ્યો છે.
- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે બંધારણમાં કલમ 370ની જોગવાઈને લાંબા સમય સુધી જાળવી રાખવાથી દેશને નુકસાન થયું છે.
- દેશભરમાં આજે હોળી પર્વની ધાર્મિક આસ્થા સાથે ઉલ્લાસભેર ઉજવણી કરાઇ - સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે લેહમાં સૈનિકો સાથે હોળીની ઉજવણી કરી.
- હવામાન વિભાગે મંગળવાર સુધી પૂર્વોત્તર, હિમાલયના આસપાસના વિસ્તારો, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી.
- આઈપીએલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ONION-EXPORT

કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગામી આદેશ સુધી લંબાવ્યો છે. આ નિર્ણય સ્થાનિક ઉપલબ્ધતા વધારવા અને ડુંગળીના ભાવને નિયંત્રણમાં રાખવા માટે લેવામાં આવ્યો છે.

વિદેશ વ્યાપાર મહાનિદેશાલય-DGFTએ એક જાહેરનામામાં જણાવ્યું છે કે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ 31 માર્ચ, 2024 સુધી લાદવામાં આવ્યો હતો અને હવે તેને આગામી આદેશ સુધી લંબાવવામાં આવી રહ્યો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં સરકારે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, મૈત્રીપૂર્ણ દેશોમાં ડુંગળીની નિકાસ દરેક કેસના આધારે પરવાનગી આપવામાં આવી છે.

# JAISHANKAR - ARTICLE 370

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે બંધારણમાં કલમ 370ની જોગવાઈ અસ્થાયી વ્યવસ્થા તરીકે કરવામાં આવી હતી અને તેને લાંબા સમય સુધી જાળવી રાખવાથી દેશને નુકસાન થયું છે. આજે સિંગાપોરમાં ભારતીય સમુદાય સાથેની ચર્ચામાં તેમણે કહ્યું કે કલમ 370ના વિસ્તરણથી અલગતાવાદ, હિંસા અને આતંકવાદની ભાવના મજબૂત થઈ છે. ડૉ. જયશંકરે કહ્યું કે આના કારણે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં પ્રગતિશીલ કાયદાના અમલીકરણમાં વિક્ષેપ આવ્યો હતો હવે આ વ્યવસ્થામાં પરિવર્તનના પરિણામો જોઈ શકાશે.

ડૉ. જયશંકરે કહ્યું કે રશિયા સાથે ભારતના સંબંધો હંમેશા સૌહાર્દપૂર્ણ રહ્યા છે. તેમણે કહ્યું કે બંને દેશોએ એકબીજાના હિતોની સુરક્ષા પર વિશેષ ધ્યાન

આપ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે ભારતે રશિયા સહિત કોઈપણ દેશ સાથેના સંબંધોને તેના પોતાના પરિપ્રેક્ષ્યમાં જોવું જોઈએ.

## Holi Festival

દેશભરમાં આજે હોળી પર્વની ધાર્મિક આસ્થા સાથે ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી.

ફાગણી પૂનમના દિવસે લોકો ધાર્મિક આસ્થા સાથે હોળી પ્રગટાવી તેનું પૂજન કરે છે અને બીજા દિવસે પરંપરાગત રીતે એકબીજાને રંગો લગાવી ધૂળેટી પર્વની ઉજવણી કરી છે.

## PREZ-PM HOLI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હોળીના પર્વ પર લોકોને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ એક સંદેશમાં જણાવ્યું છે કે હોળી એ આનંદ અને ખુશીનો તહેવાર છે જે લોકોમાં આશા અને ઉત્સાહની લાગણી જગાડે છે. તેમણે કહ્યું કે હોળીના રંગો દેશની વિવિધતાનું પ્રતીક છે અને આ તહેવાર પ્રેમ, એકતા અને ભાઈચારાને પ્રોત્સાહન આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ શુભેચ્છા પાઠવી છે કે હોળી દરેક વ્યક્તિના જીવનમાં ખુશીઓ લાવે અને દરેકને નવા ઉત્સાહ સાથે રાષ્ટ્ર નિર્માણ તરફ લઈ જાય.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને હોળીની શુભેચ્છા પાઠવી છે. તેમણે આશા વ્યક્ત કરી કે હોળી જીવનમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર કરશે.

## LADAKH-RAJNATH VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે લદ્દાખની રાજધાની લેહમાં સૈનિકો સાથે હોળીની ઉજવણી કરી હતી. તેમણે સિયાચીનમાં સૈનિકો સાથે વાતચીત કરી અને હોળીની શુભેચ્છા પાઠવી. સિંહે કહ્યું કે તેઓ ટૂંક સમયમાં ફરીથી લદ્દાખ આવશે અને સિયાચીનમાં સૈનિકો સાથે વાત કરશે. સંરક્ષણ મંત્રી હોળી પર સિયાચીન જવાના હતા પરંતુ ખરાબ હવામાનના કારણે તેઓ જઈ શક્યા ન હતા.

શ્રી સિંહે લેહમાં યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. લેહમાં સૈનિકોને સંબોધતા તેમણે માતૃભૂમિની રક્ષા માટે સૈનિકોની હિંમત, સમર્પણ અને બલિદાનની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે દેશની રક્ષા કરનારાઓ સાથે સૌથી પહેલા તહેવાર ઉજવવો જોઈએ. તેમણે સેનાની ત્રણેય સેનાના વડાઓને સલાહ આપી હતી કે સૈનિકો સાથે તહેવારની ઉજવણીની પરંપરા એક દિવસ પહેલા શરૂ કરો. શ્રી સિંહે કહ્યું કે કારગીલના બરફીલા શિખરો, રાજસ્થાનના રણમાં અને ઊંડા સમુદ્રમાં સબમરીનમાં સૈનિકો સાથે તહેવારની ઉજવણીને આપણી સંસ્કૃતિનો એક ભાગ બનાવવો જોઈએ.

## ANURAG-PUNJAB CM INDI ALLIANCE

ભાજપાના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અનુરાગસિંહ ઠાકુરે પંજાબમાં ઝેરી દારૂના કારણે 21 લોકોના મોતને લઈને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની ટીકા કરી છે.

શ્રી ઠાકુરે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે આ ઘટના અંગે ન તો મુખ્યમંત્રીએ કોઈ પ્રતિક્રિયા આપી છે કે ન તો કોઈ તપાસ શરૂ કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે શ્રી માનના મતવિસ્તારમાં ગેરકાયદેસર દારૂના કારણે 21 લોકોના મોત થયા છે, પરંતુ તેમની સરકાર દારૂના વેપારીઓનું રક્ષણ કરી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિષે તમિલનાડુના મંત્રી અનિતા રાધાકૃષ્ણનની વાંધાજનક ટિપ્પણી પર શ્રી ઠાકુરે કહ્યું કે INDIA ગઠબંધનના લોકોએ પોતાનો વિવેક ગુમાવી દીધો છે. તેમણે કહ્યું કે લોકશાહીમાં આવી અભદ્ર વાતો માટે કોઈ સ્થાન નથી. શ્રી ઠાકુરે કહ્યું કે INDIA ગઠબંધને આ નિવેદન માટે માફી માંગવી જોઈએ.

## IMD WEATHER

હવામાન વિભાગે આજથી મંગળવાર સુધી પૂર્વોત્તર, હિમાલયના આસપાસના વિસ્તારો, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.

અરુણાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારો ઉપરાંત જમ્મુ-કાશ્મીર-લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદના મોટા ભાગના સ્થળોએ વરસાદ અથવા બરફ પડવાની સંભાવના છે. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ હિમાલયની આસપાસના વિસ્તારોમાં કેટલાક સ્થળોએ હળવો વરસાદ અથવા બરફ પડવાની સંભાવના છે. 26 થી 29 માર્ચ દરમિયાન હિમાલયના પશ્ચિમ વિસ્તારમાં વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની અપેક્ષા છે.

આજે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, ચંડિતગઢ, દિલ્હી અને રાજસ્થાન માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે

## IPL Cricket

આઈપીએલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો શરુ થયો છે. ગુજરાત ટાઇટન્સ, શુભમન ગીલની તો મુંબઈ ઇન્ડિયન્સ હાર્દિક પંડ્યાની કપ્તાની હેઠળ મેચ રમાઇ રહી છે. મુંબઇ ઇન્ડીયન્સે ટોસ જીતીને પહેલા ફીલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો છે.

## GOLD SEIZED

કેરળમાં કસ્ટમ અધિકારીઓએ કોચી હવાઈમથકે ચાર મુસાફરો પાસેથી ચાર કિલો ચારસો પાંત્રીસ ગ્રામ સોનું જપ્ત કર્યું છે. તેની કિંમત લગભગ 2 કરોડ 20 લાખ રૂપિયા હોવાનું કહેવાય  છે. આ સોનું થાઈલેન્ડની રાજધાની બેંગકોકથી પેસ્ટના સ્વરૂપમાં લાવવામાં આવ્યું હતું. આ મુસાફરોમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. અદાલતે ચારેય મુસાફરોને 15 દિવસની  ન્યાયિક હિરસાત મોકલી દીધા છે.

## MIZORAM-PALM SUNDAY

મિઝોરમમાં આજે પામ સન્ડેનો તહેવાર પરંપરાગત ભક્તિ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં  આવ્યો હતો. તેને તુમાકાઉ ની તરીકે પણ ઓળખવામાં આવે છે. પામ સન્ડે નિમિત્તે રાજ્યના  ચર્ચોમાં વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી અને સરઘસ કાઢવામાં આવ્યા હતા.

પામ સંડેનો તહેવાર ઇઝરાયેલના રાજા તરીકે જેરૂસલેમમાં ઈસુ ખ્રિસ્તના પ્રવેશની યાદમાં ઉજવવામાં આવે છે. આ આયોજન બાદ એક અઠવાડિયા પછી ઇસ્ટર સન્ડે ઉજવવામાં આવે છે.

## TB-DAY

આજે 24 માર્ચ, આજના દિવસને ને ક્ષય રોગ નિવારણ દિવસ તરીકે ઓળખવામાં આવે છે. 1882માં આ દિવસે ડો. રોબર્ટ કોચે ક્ષય રોગ માટે જવાબદાર બેક્ટેરિયમ માયકોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસની ઓળખ કરી હતી. તેનો હેતુ લોકોને ક્ષય રોગ વિશે જાગૃત કરવાનો અને તેના ફેલાવાને રોકવાનો છે. ટ્યુબરક્યુલોસિસ સૌથી વધુ ફેફસાંને અસર કરે છે અને કિડની, કરોડરજ્જુ અને મગજને પણ અસર કરે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ, ડાયાબિટીસ, કુપોષણ અને તમાકુનો ઉપયોગ આ રોગનું જોખમ વધારે છે.

## REV RAJASTHAN – FIRE

રાજસ્થાનના જયપુરના બસ્સી વિસ્તારમાં એક કેમિકલ ફેક્ટરીમાં લાગેલી આગમાં છ લોકોના મોત થયા છે અને બે ઘાયલ થયા છે. આગ બુઝાવવા માટે નવ ફાયર ફાઇટર તૈનાત કરવામાં આવ્યા છે.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે ગામલોકોએ કારખાનાના માલિક સામે વળતર અને કાર્યવાહીની માંગ સાથે જયપુર-આગ્રા ધોરીમાર્ગ પર ચક્કાજામ કર્યો છે. પોલીસ અને વહીવટી અધિકારીઓ પ્રદર્શનકારીઓ સાથે વાત કરી રહ્યા છે.

આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભજનલાલે અસરગ્રસ્ત પરિવારોને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી છે.

## RUSSIA MOURNING

રશિયામાં શુક્રવારના આતંકવાદી હુમલાના કારણે આજે એક દિવસનો શોક રાખવામા આવ્યો છે. રાજધાની મોસ્કોમાં એક સંગીત આયોજન સ્થળ પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા 133 લોકોના મોત થયા હતા અને 140થી વધુ લોકો ઘાયલ થયા હતા. આજે સમગ્ર રશિયામાં રાષ્ટ્ર ધ્વજ અડધી કાઠી પર લહેરાવવામાં આવ્યો હતો અને ઘણા આયોજનનો રદ કરવામાં આવ્યા હતા. આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે આ હુમલાની જવાબદારી લીધી છે.

## PARL DELEGATION

સ્વિટ્ઝર્લેન્ડના જીનીવામાં 148મી સંસદીય પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ કરી રહ્યા છે. પ્રતિનિધિમંડળે સંસ્થાના એશિયા-પેસિફિક જિયોપોલિટિકલ ગ્રૂપ-APG, બ્રિક્સ સંસદીય સંકલન મંચ અને મહિલા સાંસદ મંચની બેઠકોમાં પણ ભાગ લીધો હતો. ભારતીય ટીમે થાઈલેન્ડ સંસદીય પ્રતિનિધિમંડળ સાથે બેઠક યોજી હતી અને પરસ્પર હિતના મુદ્દાઓ અને સંસદીય બાબતોમાં પરસ્પર સહયોગ વધારવા અંગે ચર્ચા કરી હતી.